# થોડીક અધરી બાળવાર્તાઓ

એક પાંદડું હતું
ફરફરતું. ભલું ભોળું.
ઓળીઝોળી કરીને ઈશ્વરે એનું નામ પીપળપાન પાડેલું.

માણસે એને પૂછ્યુંઃ તું એક બાજુથી ચત્તું છે
ને બીજી બાજુથી ઊંધું, એમ કેમ?

આકાશ જે બાજુને છત્તી કહેતું
એ બાજુને ધરતી ઊંધી કહેતી
ને વાઈસે વર્સા.

ટાઢ, તડકો ને વર્ષા
પાંદડું તો બન્ને બાજુએ ઝીલ્યા કરતું ને
એ...ય ને મઝેથી ફરફરતું.

માણસે એને ફરીવાર પૂછ્યુંઃ
તું એકી વખતે ઊંધુંચત્તું એવું પત્તું કેમ છે?

પાંદડું છણકો કરીને બોલ્યુંઃ
એવાં ઊંધાંચત્તાં અમને નથી આવડતાં.
અમે તો છીએ કેવળ પાંદડું
એકી વખતે બે ચત્તી ને બે ઊંધી બાજુઓવાળું
જેમાં ચત્તી છે તે જ ઊંધી બાજુ છે ને વાઈસે વર્સા.

માણસને પાંદડાની વાતમાં કશી સમજણ ના પડી
એ હજીય ઊંધાંચત્તાં કર્યા કરે છે.

એક પાંદડું હતું, પહેલી વાર્તામાં હતું એનું એ જ.
કોમળ ને લીલું ને ફરફરતું.

માણસે એને પૂછ્યુંઃ માઠા દિવસો
આવી રહ્યા છે, એનું તને કૈં ભાન છે?
પાંદડું કહેઃ બધા જ દિવસ ફરફરવાના હોય છે
એ સારા કે માઠા ક્યાં હોય છે?

માણસ કહેઃ દિવસે દિવસે તું સુકાતું જઈશ
ને પીળું પડી જઈશ
એની તને કૈં ફિકર ચિંતા છે કે નહીં?

પાંદડું કહેઃ અત્યારે હું કોમળ લીલા રંગમાં ફરફરું છું
ત્યારે હું સૂકા પીળા રંગમાં ફરફરીશ.

માણસને પાંદડાની વાતમાં કશી જ સમજણ ના પડી
એ હજીય સારું માઠું લગાડ્યા કરે છે.

એક પાંદડું હતું, પહેલી અને બીજી વાર્તામાં હતું એનું એ જ.
દીંટાવાળું
ઝાડ સાથે નાભિનાળથી જોડાયેલું.

માણસ કહેઃ
અત્યારે તું ફરફરફરફર કરે છે પણ, ધીરી બાપુડિયા
એક દિવસ તું ઝાડ પરથી ખરખરખરખર ખરી જશે
ત્યારે અરરરરરર તારી શી દશા થશે
એનું તને ભાન છે ખરું?

પાંદડું કહેઃ એ તો તને એવું લાગે છે
બાકી હું ક્યાં ફરફરું છું?

હું તો સદાકાળ સ્થિર છું ને
આ આખું ઝાડ પૃથ્વી સમેત અવકાશમાં ફરફરતું રહે છે.
મારી નાળ તો મરણ વખતે કપાશે
પણ તારી તો જનમતાંવેંત કપાઈ ગઈ છે
એનું તને ભાન છે ખરું?

માણસને પાંદડાની વાતમાં કશી જ સમજણ ના પડી,
એ હજીય ફરફરવું-નાં ફૂલેકાં ને ખરખરવું-ના ખરખરા કરતો રહે છે.

એક બાળવાર્તા હતી.
એમાં બે બિલાડી ને એક વાંદરો રહેતાં હતાં.
એમની બાજુમાં એક ત્રાજવું ને ગરમ ગરમ રોટલાની ગંધ પડેલાં હતાં.
મને એ વાર્તા જરા ઓળખીતી લાગી
એટલે હું એની નજીક ગયો.
વાર્તાની ને મારી વચ્ચે, જો કે, કાચની એક ઊંચી દીવાલ હતી
એટલે મારે વાર્તાની બહાર જ ઊભા રહેવું પડ્યું.
વાર્તાના એક ખૂણામાં માણસોની સભા ભરાઈ હતી
ને જેણે ખરેખર તો વાર્તાની બહાર હોવું જોઈએ
એવો એનો વાર્તાકાર, - નામે ઈસપ
છીંડું પાડીને વાર્તાની અંદર ઘૂસી ગયો હતો ને
સૌને બોધપાઠ આપતો હતો.

એટલામાં બન્યું એવું કે
માણસો કરતાં થોડાક વધારે હાથ ધરાવતી
ને દરેક હાથમાં જાતજાતની બિનજરૂરી વસ્તુઓ પકડી રાખનારી
એક બેડોળ ને હેન્ડીકેપ વ્યક્તિએ દેખા દીધી.
એ જરા મૂંઝવણમાં હોય એવું લાગતું હતું.

મને ક્યારનો ત્યાં વાર્તાની બહાર ઊભેલો જોઈને
એણે વાર્તાની અંદર રહ્યાં રહ્યાં
મને કહ્યુંઃ હું એક સુખ્યાત ચિત્રકાર છું
હું ઈલસ્ટ્રેશનવાળી બાળકોની વાર્તાની બુકો પણ બનાવું છું.
મારું નામ ઈશ્વર છે.
મે હમણાં જ આ વાર્તા માટે
બાજરીનો હૂંફાળો સ્વાદિષ્ટ રોટલો ચીતર્યો હતો તે ક્યાં ગયો?

સિંહ અને શશ કહેતાં સસલાની આ વાર્તા
એટલી બધી જાણીતી છે કે
કર્ણોપકર્ણ એ બાળવાર્તાના જંગલ સુધી પહોંચી ગઈ હતી
અને એના ખલનાયક સિંહે સુધ્ધાં એ સાંભળેલી હતી.

એટલે સ્તો, હું તમને આખી વાર્તા કહેવામાં વખત બગાડતો નથી.
ગુફામાં એ બેઠાડુ જણાતા સિંહને દરરોજ પિરસણમાં
એક એક પશુ મોકલવાનો રિવાજ હતો.
આજે સસલાનો વારો હતો. જતાં પહેલાં એણે દર્પણમાં જોઈને
Hare-style સરખી કરી લીધી.
(બાય ધ વે, આ સસલું જાતજાતનાં દર્પણો ભેગાં કરવાનું
શોખીન હતુંઃ કાષ્ટનાં, ધાતુનાં, હાથીદાંતના, જળનાં અને મૃગજળનાં.)

વચ્ચેની વીગતો ઉડાડી દઈને
હું તમને સીધો મર્મસ્થળ પર જ લઈ જાઉં છુંઃ
સિંહ સાહેબ, સિંહ સાહેબ
આ જંગલમાં નવો સિંહ આવ્યો છે.
જૂનો સિંહ કહેઃ ક્યાં છે એ દુષ્ટ, બતાડ મને.

સસલું સિંહને કૂવા તરફ લઈ જવા ઇચ્છતું હતું
પણ ટાપટીપની લ્હાયમાં રસ્તો ભૂલી ગયું.
સિંહે કહ્યુંઃ બાળવાર્તાનો કૂવો કાં તો પુરાઈ ગયો છે
કાં તો પાણીનાં તળ ઊંડાં ગયાં છે
કાં તો એ નપાણિયો બની ગયો છે
જૂનો ના જડતો હોય તો આપણે નવે કૂવે જઈએ.

સસલું તૈયાર થઈ ગયું. (બાળમિત્રો, તમને બધાને
આ જગ્યાએ એવું જરૂર લાગવાનું કે
આ તે ખરગોશ છે કે ખર?)

સિંહે આગલી રાતે એક નવો કૂવો ગળાવી રાખેલોઃ
પાણીના અભાવે
એમાં તળિયે એક દર્પણ ગોઠવી રાખેલું.

સસલાએ કૂવાના થાળા પરથી અંદર ડોકિયું કર્યું
પોતાનું ચળકતું પ્રતિબિંબ જોઈને
એનો જીવ હાથમાં ના રહ્યો
એ પોતે જ એ કૂવામાં કૂદી પડ્યું
ને એ નિત્ય ઉપવાસી સિંહ ગુફામાં પાછો ફર્યો.

એ દિવસથી સિંહશશની બાળવાર્તા
નારસિંહશશની વાર્તા તરીકે
ઓળખાય છે.

આ સાત પૂંછડિયા ઉંદરની વાર્તા છે.
તમને થશે કે વાર્તાની પહેલી લીટીમાં જ
વાર્તાનો સસ્પેન્સ ખોલી નાખવાથી
હવે શો રસ પડવાનો?

ભલે, પણ જરા વધુ રસિક બનીને
વાર્તા સાંભળવાની કોશિશ કરો, કદાચ...

સાતેસાત પૂંછડીઓ કપાવીને
એ ઉંદર સાવ બોડો બની ગયો હતો.
એટલે બાળકોની મઝા ઊડી ગઈ હતી
ને પરિણામે ઉંદર સમેત બધાં ઉદાસ હતાં.

બાળકોએ મંદિર મસ્જિદ દેવળ ગુરૂદ્વારામાં જઈ
ઉંદરને સાત પૂંછડિયો બનાવી દેવાની પ્રાર્થના કરી
ને પૂજારીઓ અને/અથવા ટ્રસ્ટીઓ પાસેથી પહોંચ પણ લીધી
પણ કશું ના વળ્યું.
ક્ષુલ્લક ગણાય તેવી સાત પૂંછડીઓ પાછી આપવા
બાળવાર્તાનો લેખક મુદ્દલ તૈયાર ન હતો

એટલામાં
એક ચતુર બાળક ત્યાં આવ્યું.
એણે રમત રમતમાં સાત વખત ‘undo’ કર્યું
ને ઉંદર સાત પૂંછડિયો બની ગયો.

હવે બધાં બાળકો
બાળવાર્તાના જિદ્દી લેખકને પકડીને
એની પૂંઠે સાત પૂંછડીઓ ‘insert’ કરવા મંડી પડ્યા છે.

# સૃષ્ટિમંડાણની કથાઓ

ન હતી કીડી
કે ન હતી પૃથ્વી
ત્યારની વાત છે

ન હતી તે કીડીએ ચટકો ભર્યો ન હતી તે પૃથ્વીને
પૃથ્વીને ઢીમણું ઊપસી આવ્યું
પહાડને ચટકો ભર્યો
વહી નીકળ્યું ઝરણું

કીડીએ જળને ચટકો ભર્યો
જળની દૂંટી ખળભળી
ઊગી નીકળ્યું એક કમળ

કીડીએ કમળને ચટકો ભર્યો
એમાં પોઢેલી ગંધ ઊઠી ગઈ કાચી ઊંઘે
ગંધે થોડાંક પગલાં માંડ્યાં
એ પગલાંનું નામ પવન પડ્યું

કીડીએ પવનને ચટકો ભર્યો
ચિડાઈને સૂસવાટાભેર એણે લીધો એક ચકરાવો તે સનનન શૂન્ય
તંગ તણાયું આકાશનું આવરણ દશે દિશામાં

કીડીએ આકાશને ચટકો ભર્યો
આકાશને થયું રાતું ચકામું
એની બળતરાનો પ્રકાશ ફેલાયો સર્વત્ર

કીડીએ ચટકો ભર્યો પ્રકાશને
જોતજોતામાં વિપર્યયના રંગનો પિંડવિહોણો પડછાયો ફૂટી નીકળ્યો

કીડીએ પડછાયાને ચટકો ભર્યો
એના પગને અંગૂઠેથી પ્રગટ્યો એક નિષ્છંદ કવિ

કવિને ચટકો ભરતાંની સાથે
એના રાતા સુજેલા હોઠ અને રાતી દાઝેલી જીભમાંથી
(ગુજ)રાતી ભાષા પ્રકટી
હવે ન હતી તે કીડી
ખરેખર ન હતી બની ગઈ, નવરીધૂપ
ચટકવાનું કામ ભાષાને સોંપીને

આમ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ

ચન્દ્રમાંથી દદડ્યો
ઘઉંવર્ણો શિયાળો
બરફના કણ બાઝ્યા શિખરને ને
ચામડાની કલ્પના પર ઊગ્યા ઊનના તાંતણા

નિજની આંચે
સૂર્ય પાકી ગયો
ઘોળ્યો, નિચોવ્યો
તો બળબળતી મીઠાશવાળો કેસરી ઉનાળો ટપક્યો

સમુદ્ર ઊકળતો રહ્યો
વિષ્ણુસહસ્રનામ વરાળ બન્યાં
ને ચોમાસું બેઠું ચોધાર

એકાકી માણસે માંગી લીધું
જળનું એક ટીપું
જતનથી જાળવ્યું આંખને ખૂણે
એમાં અમાસ ચૌદશનાં અંધારાં ઠાલવ્યાં
મોર ને મેઢકના અવાજો કલ્પ્યા ને કાલવ્યા
શાહીનું અઘરું ટીપું બનાવ્યું
છિપલીમાં ઝીલ્યું
બરાબર તે ઘડીએ સ્વાતિ નક્ષત્ર બેઠું
માટી રંગરેજ બની
મનોબીજમાં ફાટ પડી
મંજરીઓ મ્હોરી ને ફૂલપાંદ ફોર્યાં
ફળોમાં પૃથ્વીનાં ખાટાંમીઠાં ધાવણ ઊભરાયાં
ભૂખ લાગી
એ સાથે શબ્દને હેડકી આવી અર્થની
ને શરૂઆત થઈ હરખની ગંધવાળા દુઃખની
શોકના બંધવાળા સુખની

આમ
સૃષ્ટિની ઉત્પત્તિ થઈ

હતું તો
ન સહેવાય એવું નકરું શૂન્ય
ને એમાં
હતું તો ભ્રમણકક્ષા વિનાનું એક પુસ્તક

ક્યારેક ચપોચપ બંધ
ક્યારેક ઉઘાડું, ફફડતું ફડફડ
          અ-વાચક ને તેથી વિક્ષિપ્ત
ક્યારેક સ્તબ્ધ, - વણઊકલી લિપિમાં લિપ્ત

તડકે તપી તપીને
એનાં બધાં પાન પીળાં પડી ગયાં
પછી ભૂખરાં કથ્થાઈ

પુસ્તક હવે હતું સૂકીભઠ કાળી ભોંય, અવાચ્ય
હતા જ્યાં જ્યાં બરડ અક્ષર ત્યાં ત્યાં હવે તરડ, ઉઝરડા
- ઊંડા વાઢિયા
ભીતર જે કૈં હતો શાહીનો ભેજલ સ્પર્શ
ઊડી ગયો આકાશમાં

આસ્તે આસ્તે
વાદળો બંધાયાં
ભેજ ઝળૂંબતો રહ્યો ભારઝલ્લો
ન સહેવાયું તો
બની ગયો ટીપું
ટીપું ટપક્યું
કાગળની ભોંય પર
કાગળમાં લપાયેલી હતી સ્મૃતિ, વૃક્ષની છાલની
ન સહેવાયું તો
છાલ તળેથી નીકળી આવ્યું જીવતું વૃક્ષ
જીવતાં ફૂલપાંદ ને ડાળ
ઝૂલતી ડાળ જોઈ એક પક્ષીએ પહેલ કરી નિરાકારમાં
ન સહેવાયું તો ચાંચમાંથી સરી પડ્યો
એક સ્વર

આમ
સૃષ્ટિની ઉત્પત્તિ થઈ

શાહીને
બે બાજુઃ
નરી આંખે નિરખાય
તદપિ ના પરખાય
કજ્જલ કાળી કજિયાળી આ તરફ
કશી ગતાગમ પડે ન એવી
અગમ વળી ઊજમાળી પેલી તરફ

આ પા ધસમસ
તમસાનો તટ, તરસ અતિશે ઉત્કટ
છળે, ઊછળે છેક ડુબાડે તગતગ-ધોળું તમસ

અંતરીક્ષની ગાંઠ સરીખા
ગ્રહ નક્ષત્રો
　　　　બળબળ ઊના પવન
તતડતા વૃથા વિકટ આ પ્હાડ
પેટાળે ભારેલા અગનિ, જ્વાળામુખ મોંફાડ

આ પા ઉપસ્યા નરકકુણ્ડમાં ગરભ ઝૂલે ઊંધમૂંધ
ઝબકીને જાગે જાદવ તો અવિરત અણથક જુધ્ધ

કનક રજતના ગઢ
　　　　　　　　　　ગઢના વાખ્યા તોતિંગ દુવાર
મિજાગરા હ ચ મ ચે, કરે ગજપુંગવ શીર્ષ પ્રહાર
ચિંઘાડે ચિંઘાડે ઘેરાં ગગન ગા બ ડાં પડે
　　　　　　　　　　કોટકાંગરા ખડે ઊખડે
જનોઈવઢ વીંઝાય લોહનાં ખડગ્
　　　　　　　　છલોછલ રગતપિત્તના કુણ્ડ
કંદૂકવત્ ઇતિહાસે ગબડે હીરકવર્ણનાં મુણ્ડ

ઘોં-ઘાટીલી
જીભ પરે તો અરથ વિખૂટા તરે અવાચક હરફ
ભાષા ગાળે હાડ હિમાળેઃ બાવનબાઝ્યો બરફ

પણે..
પણે...., પેલી પા
અચરજનો અણસાર
ઝર્યાં કરે ઉચ્ચાર વિનાનાં નર્યાં નીતર્યાં અજવાળાં ને
ઉદીયમાન આકાર
સુરભિની ધારેથી સરસર લસરે આછા શ્વાસઃ
મસિકાગદથી અલિપ્ત જાણે લયલિપિનો સહવાસ

સદાનીરાને સામે તીરે શબ્દવિહોણો કવિ
દર્પણની ભેખડમાં કેવો દત્તચિત્ત કોરે-કંડારે માણસની મુખછવિ

હજી ન પ્રકટ્યાં કાલ,
કાલનાં પાટ પટંતરઃ પૂર્વે, હમણાં, કદી
હોય નહીં જો એક અમસ્થી ક્ષણ તો ક્યાંથી સંવત ક્યાંથી સદી

કવિ ટાંકણું મૂકશે જ્યાં કોરાણે
એ જ અણીને ટાણે
પ્રગટ થશે પંચાંગ
ધીરે ધીરે અધીરાઈથી
ધરશે સૃષ્ટિ સ્વાંગ

# વિવેચક વિષે એક બોધકથા

એક કવિતા હતી.
એમાં સફેદ કાગળ પર કાળી શાહી વડે
પરોઢ પંખી પાંદડી ઝાકળ ક્ષાર ચુંબન અને તણખલાં ચોંટાડેલાં હતાં.
ઊડતી ઊડતી એ કવિતા વિવેચકના હાથમાં આવી પડી.
કાશીએ જઈ અઢારે પુરાણ ભણી આવેલા વિવેચકને થયુંઃ
વિદ્યા અજમાવી જોઉં,-
આને જીવસટોસટ જીવતી કરું!

શબ્દકોશે ચેતવણી આપીઃ આ કવિતા અમારા કહ્યામાં નથી,
અમારી મિલકતમાંથી એને ફારેગ જાહેર કરેલી છે
ન ન્હાવું ન નિચોવવું,-એની સાથે અમારા નામે આર્થિક વ્યવહાર કરવા નહીં.

યક્ષો, કિન્નરો ને ગંધર્વોએ
એને ટપાર્યોઃ નિરખને, ગગનમાં કોણ ઘૂમી રહ્યું...

અઢારે વરણે એને વાર્યોઃ
જો, આ કવિતાને આકાર તો છે જ, પહેલેથીઃ
અમીબા અથવા શાલભંજિકા જેવો
ને રંગ પણ, મધના ટીપા અથવા આંધળાની કીકી જેવો, - પારદર્શક,
તજ અથવા હિમજ સમોવડ સ્વાદ,
નીલગિરિના તેલ અથવા બાજરીના તાજા રોટલા સરખી સોડમ છે.
અડકીએ તો આરંભે એનો સ્પર્શ ભલે હોય રેતિયા પથ્થર જેવો
પણ આખરે સ્તન જેવો રમ્ય, અદમ્ય અને આત્મીય બની જાય છે.
કીડીના ખોંખારા અથવા વિસ્ફોટની ચુપકિદીને મળતો આવે છે એનો અવાજ,
હાલરડાની હલકમાં ગવાતા મરશિયાની મોહિની છે એના લયમાં.

વિષાદ અથવા પ્રસૂતિની વેદના સમાન એકાગ્ર છે અભિધા,
ઇલાયચીનાં છોતરાં જેવો મુખ્યાર્થબાધ
ને અલંકાર પણ છે, ખોવાઈ ગયેલી મુદ્રિકા જેવો.
આ તો કવિતા છે કવિતા
ને જીવતી હોય એને જ તો કવિતા કહેવાય , ભલા ભાઈ!
કાન માંડીને સાંભળ એના ધબકારા...

પણ કહ્યું કથે તે શાનો કવિ ને કહ્યું કરે તે શાનો વિવેચક?
મા સરસ્વતીને વંદન કરીને એણે તો કાવ્યસંજીવની મંત્ર ભણ્યો
ને સમગ્ર બ્રહ્માંડમાં અચરજ અચરજ થઈ ગયું.

પરોઢ પંખી ને પાંદડી જીવતાં થઈ લૅન્ડસ્કેપમાં ઓગળી ગયાં,
ઝાકળ અને ક્ષાર આંખનાં ખૂણે
તો ચુંબન પાડોશીની કન્યાના કાચા હોઠમાં લપાઈ ગયાં,
તણખલાં એક મરણોન્મુખ મનુષ્યનાં રૂવાડાં બની ગયાં,
દુખિયારા વાજિંત્રના કલેજામાં ખૂંપી ગયો કવિતાનો લય,
પ્રાસ આસપાસનાં બહુમાળી ફ્લેટોની નકલખોર બારીઓ બની ગયા.
ઉપવાસી ઊધઈએ પારણાં કર્યાં શાહીના ડાઘડૂઘવાળા કાગળ થકી.

આ ઝમેલામાં વિવેચક ક્યાં ગયો?
શોધાશોધ મચી.
કોકને પીપળાના ઝાડ કને ભાષાને ઢસરડી જતા ઓળાનો ભાસ થયેલો ખરો
પણ એ તો ચળિતર પણ હોય ને...

છેવટે
એક પિંગળપોદળ પોથાની વચ્ચે
દબાઈને ચપ્પટ થઈ ગયેલા વિવેચકનું છોતરું મળી આવ્યું.
ઓળખવિધિ થઈ.